


Design By : Banas Dairy Media

પ્રકાશક : ઇન્ચાર્જ મેનેજિંગ ડિરેક્ટર (બનાસ ડેરી), બનાસકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ., પો.બો.૨૦, પાલનપુર - ૩૮૫૦૦૧

Banas Dairy
India's Pride - Asia's Best



# બનાસની ધરતીનો ધબકાર

અંક: ૨૭ | એપ્રિલ - ૨૦૨૫

www.banasdairy.coop | banasdairy1969 | banasdairy1969 | banasdairy1969 | banasdairymedia

**બનાસ અને બોનસ એ પશુપાલકોના શ્રમનું સન્માન: વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ કરી બનાસ ડેરીના કાર્યોની પ્રસંશા**

**આરોગ્યમંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ અને ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના વરદ હસ્તે બનાસ જનરલ હોસ્પિટલના નવા બ્લોકોનું લોકાર્પણ**

**બનાસ સૈનિક સ્કૂલ: શિક્ષણ અને શિસ્તબદ્ધ વિકાસનું અદ્ભુત પાયાનું કેન્દ્ર**



યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ૧૧ એપ્રિલ, ૨૦૨૫ ના રોજ ઉત્તરપ્રદેશના વારાણસીમાં રૂ. ૩,૮૮૦ કરોડથી વધારે મૂલ્યનાં વિવિધ વિકાસકાર્યોનો શિલાન્યાસ અને ઉદ્ઘાટન કર્યું હતું. જનમેદનીને સંબોધતા તેમણે કાશી સાથેના તેમના ઊંડા જોડાણ પર પ્રકાશ પાડ્યો હતો અને આશીર્વાદ માટે તેમના પરિવાર અને આ વિસ્તારના લોકોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો તથા તેમને આપવામાં આવેલા પ્રેમ અને સમર્થનનો સ્વીકાર કર્યો હતો. તેમણે આ પ્રેમ પ્રત્યે પોતાની ઋણીતા પર ભાર મૂકતાં કહ્યું હતું કે, કાશી તેમની છે અને તેઓ કાશીનાં છે. વારાણસીમાં આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજી દ્વારા વિકાસના અનેક કાર્યોની ભેટ સાથે બનાસ ડેરી સાથે જોડાયેલા ઉત્તર પ્રદેશના હજારો પશુપાલકોના ખાતામાં રૂ. ૧૦૬ કરોડ બોનસ રકમ ટ્રાન્સફર કરવામાં આવી હતી.

મોદીજીના દૂરંદેશી અને વિઝનરી નેતૃત્વ હેઠળ પશુપાલકોના જીવનમાં સમૃદ્ધિ, આત્મનિર્ભરતા અને ગૌરવના નવા અવસરો સર્જાઈ રહ્યા છે. આજે મહિલાઓ 'લખપતિ દીદી' બની રહી છે. આ ઐતિહાસિક અવસરે ચેરમેન આદરણીય શ્રી શંકરભાઈ ચૌધરી સાહેબ પણ મંચ પર ઉપસ્થિત રહી આ ગૌરવમય ક્ષણના સાક્ષી બન્યા હતા.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ મહાત્મા જ્યોતિબા ફૂલેની જન્મજયંતિ નિમિત્તે સમાજના કલ્યાણ અને મહિલા સશક્તિકરણ માટે તેમના અને સાવિત્રીબાઈ ફૂલેના જીવનભરના સમર્પણની પ્રશંસા કરી હતી. તેમણે મહિલા સશક્તિકરણ પ્રત્યેના તેમના દ્રષ્ટિકોણ અને પ્રતિબદ્ધતાને આગળ વધારવાના તેમના પ્રયાસો પર પ્રકાશ પાડ્યો. તેમણે વધુમાં કહ્યું કે "આ દંપતીએ માત્ર સમાજને નવો દ્રષ્ટિકોણ આપ્યો નથી – તેમણે સમગ્ર સમાજને ઊંઘમાંથી જાગૃત કરી, એક નવા યુગની શરૂઆત કરી હતી." તેઓ સમાજના તળિયે બેઠેલા માણસ માટે લડ્યા, સ્ત્રીઓ માટે શિક્ષણના દરવાજા ખોલ્યા અને માનવતાના સાચા અર્થને જીવ્યો – આજે જ્યારે દેશ 'સબકા સાથ, સબકા વિકાસ' ના મંત્રથી આગળ વધી રહ્યો છે, ત્યારે એમના સપનાનું ભારત સાકાર થતું જોવા મળ્યું છે!

# વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ કરી બનાસ ડેરીના કાર્યોની પ્રશંસા

**બનાસ ડેરી સાથે જોડાઈને યુપીની મહિલાઓએ સફળતાની નવી ઉંચાઈઓ પ્રાપ્ત કરી.**

**દરેકના સપનાનું ભારત બનાવવામાં બનાસ ડેરીનું યોગદાન અમૂલ્ય છે.**

**આત્મનિર્ભરતા એટલે બનાસ ડેરી**

**બનાસ અને બોનસ એ પશુપાલકોના શ્રમનું સન્માન છે.**






## પૂર્વાંચલની મહિલાઓ: ગામડાથી સપનાની ઊંચાઈ સુધીનો સફર

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ ખાસ કરીને પૂર્વાંચલના પશુપાલક પરિવારોને, મહેનતુ મહિલાઓને અભિનંદન પાઠવ્યા, જેમણે આ પ્રદેશ માટે એક નવું ઉદાહરણ સ્થાપિત કર્યું છે. તેમણે નોંધ્યું કે જ્યારે આ મહિલાઓ પર વિશ્વાસ મૂકવામાં આવે છે, ત્યારે તેઓ ઇતિહાસ રચે છે. માત્ર દૂધથી નહિ, પણ પોતાના પરિશ્રમથી, પ્રતિબદ્ધતાથી અને આત્મવિશ્વાસથી. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ ઉત્તર પ્રદેશમાં બનાસ ડેરી પ્લાન્ટ સાથે સંકળાયેલા પશુપાલકોને બોનસ વિતરણની નોંધ લીધી. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે 100 કરોડ રૂપિયાથી વધુનું આ બોનસ કોઈ ભેટ નથી, પરંતુ તેમની મહેનત અને સમર્પણનો પુરસ્કાર છે, જે તેમની મહેનત અને ખંતનું મૂલ્ય દર્શાવે છે.

## ૧૦૬ કરોડ રૂપિયા બોનસ નહીં, એ છે શ્રમનું સન્માન

ઉત્તર પ્રદેશના બાનાસ ડેરી પ્લાન્ટ સાથે જોડાયેલા પશુપાલકો માટે જાહેર કરાયેલ રૂ.૧૦૦ કરોડથી વધુના બોનસ અંગે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ ખૂબ ભાવુક થઈને જણાવ્યું હતું કે, " રૂ.૧૦૦ કરોડ રૂપિયાથી વધુનું આ બોનસ કોઈ ભેટ નથી, પરંતુ તેમની મહેનત અને સમર્પણનો પુરસ્કાર છે, જે તેમની મહેનત અને ખંતનું મૂલ્ય દર્શાવે છે. આ ધનરાશિ નથી – એ છે શ્રમશક્તિનું સન્માન, એવા લોકો માટેનો આભાર સહિત નમન – જેઓ દેશમાં શાંતિથી, ચૂપચાપ, દિવસ-રાત કામ કરી રહ્યા છે।

## નવભારતમાં મહેનતને માન મળે છે

આ પ્રસંગે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું કે, "આજે જે ભારત આગળ વધી રહ્યું છે, તે માત્ર આંકડા કે નીતિઓથી નહીં – પરંતુ ગામડાની મહિલાઓની મહેનત, પરિશ્રમ અને પુરુષાર્થનું પરિણામ છે, જેના કારણે આજે દેશ આત્મનિર્ભરતા તરફ આગળ વધી રહ્યો છે. આજનું ભારત – જ્યાં દરેક વ્યક્તિને માન-સન્માન મળે છે, દરેક મહિલાને સન્માન અને સુરક્ષા મળે છે – એ જ છે આપણા સૌના સપનાનું ભારત."

કાશી ખાતે બાનાસ ડેરી દ્વારા લાવવામાં આવેલા પરિવર્તનને યાદગાર ગણાવતા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ જણાવ્યું હતું કે, આ ડેરી માત્ર દૂધ એકત્ર કરતી સંસ્થા નથી – પરંતુ હજારો પરિવારના જીવનમાં આશા, આત્મવિશ્વાસ અને નવી શક્યતાઓનું સિંચન કરનારી સંસ્થા બની ગઈ છે.

તેમણે ખાસ ઉલ્લેખ કર્યો કે, કેવી રીતે બનાસ ડેરીએ સ્થાનિક લોકોને મહેનતનું સાચું મૂલ્ય આપ્યું છે અને કેટલાય લોકોના સપનાને ઉડાન આપી છે. પૂર્વાંચલની અડીખમ મહિલાઓ આજે માત્ર ઘર અને ગુજરાન સુધી મર્યાદિત રહી નથી – તેમણે ગર્વપૂર્વક નોંધ્યું હતું કે, આ પ્રયાસોથી પૂર્વાંચલની ઘણી મહિલાઓ "લખપતિ દીદી" બની શકી છે, જે જીવનનિર્વાહની ચિંતાઓમાંથી સમૃદ્ધિનાં માર્ગે અગ્રેસર થઈ છે.

આ અર્થવ્યવસ્થાનો એક નવો ચહેરો છે – જ્યાં દેશના અંતરિયાળ વિસ્તારના માનવી સુધી સુખાકારી પહોંચે છે. વડાપ્રધાનશ્રીએ જણાવ્યું હતું કે, આજે આવું પરિવર્તન માત્ર વારાણસી કે ઉત્તર પ્રદેશ સુધી સીમિત નથી – પરંતુ સમગ્ર ભારતમાં જોવા મળે છે.

તેમણે જણાવ્યું હતું કે, “છેલ્લાં એક દાયકામાં દૂધ ઉત્પાદનમાં આશરે 65 ટકાના વધારા સાથે ભારત વૈશ્વિક સ્તરે સૌથી મોટો દૂધ ઉત્પાદક દેશ બની ગયો છે.” તેમણે આ સફળતાનો શ્રેય લાખો ખેડૂતો અને પશુપાલકોને આપ્યો હતો અને જણાવ્યું હતું કે, આ પ્રકારની સિદ્ધિઓ છેલ્લાં 10 વર્ષમાં સતત પ્રયાસોનું પરિણામ છે.



### ડેરી ક્ષેત્રમાં મિશન મોડે વિકાસ

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ જણાવ્યું કે, ડેરી ક્ષેત્રને મજબૂત બનાવવા માટે અનેક મહત્ત્વપૂર્ણ પહેલો કરવામાં આવી છે – જેમાં નીચેના મુદ્દાઓ શામેલ છે

**પશુપાલકોને કિસાન ક્રેડિટ કાર્ડ સુવિધાઓ સાથે જોડવા**
**લોનની મર્યાદામાં વધારો**
**સબસિડી કાર્યક્રમો દ્વારા સહાય**
**પશુધનનું સંરક્ષણ કરવા માટે ફૂટ એન્ડ માઉથ ડિસીઝ સામે નિઃશુલ્ક રસીકરણ કાર્યક્રમ**
**૨૦,૦૦૦થી વધારે સહકારી મંડળીઓને સંગઠિત દૂધ એકત્રીકરણ માટે પુનર્જીવિત કરવાના પ્રયાસ**
**લાખો નવા સભ્યોને સહકારી ડેરી મોડેલમાં જોડવાનો કાર્યક્રમ**

તેમણે રાષ્ટ્રીય ગોકુલ મિશન અંતર્ગત દેશી ગાયોના વિજ્ઞાનસંચાલિત સંવર્ધન તરફ ઉલ્લેખ કરતાં જણાવ્યું કે, તેનું લક્ષ્ય માત્ર દૂધ ઉત્પન્ન વધારવું નથી – પરંતુ ગ્રામિણ અર્થતંત્રને નવી દિશા આપવી છે.



### બનાસ ડેરી : પૂર્વાંચલનું ગૌરવ

તેમણે રાષ્ટ્રીય ગોકુલ મિશન હેઠળ પશુઓની સ્વદેશી જાતિઓ વિકસાવવા અને વૈજ્ઞાનિક સંવર્ધન મારફતે તેમની ગુણવત્તા સુધારવા પર ધ્યાન કેન્દ્રિત કરવા પર ભાર મૂક્યો હતો. આ પહેલાનો ઉદ્દેશ પશુધનના માલિકોને નવા વિકાસ માર્ગો, વધુ સારા બજારો અને તકો સાથે જોડવાનો છે.

તેમણે કાશીમાં બનાસ ડેરી સંકુલની પૂર્વાંચલમાં આ વિઝનને આગળ વધારવા બદલ પ્રશંસા કરી હતી અને નોંધ્યું હતું કે, બનાસ ડેરીએ આ વિસ્તારમાં ગીર ગાયોનું વિતરણ કર્યું છે, તેમની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે તથા બનારસમાં પશુઆહારની વ્યવસ્થા શરૂ કરી છે.

તેમણે પૂર્વાંચલમાં આશરે એક લાખ ખેડૂતો પાસેથી દૂધ એકઠું કરવા, તેમને સશક્ત બનાવવા અને તેમની આજીવિકા મજબૂત કરવા બદલ ડેરીની પ્રશંસા કરી હતી. આ ડેરી જે દૂધ ભેગું કરે છે, તે માત્ર પદાર્થ નથી - એ છે શ્રમનો સિદ્ધિસૂચક પુરાવો, એ છે મહિલાઓની જીત, અને એ છે એક નવા ભારતની ખંતભરી ગાથા!



# બનાસ કાશી સંકુલ: આત્મનિર્ભરતાની ઓળખ

એવું કહેવાય છે કે કાશી માત્ર શ્રદ્ધાનું શહેર નથી, તે વિચારોનું જન્મસ્થળ પણ છે. માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ આ જમીન પર ખેડૂતો અને પશુપાલકોની આશાઓને આવકમાં પરિવર્તિત કરવાનું વિઝન આપ્યું અને તે વિચાર બનાસ ડેરીના રૂપમાં વાસ્તવિકતા બન્યો છે. થોડા વર્ષો પહેલા ૨૦૨૦-૨૧ માં, જ્યારે બનાસ ડેરીએ અહીંથી પહેલીવાર દૂધ ખરીદવાનું શરૂ કર્યું, ત્યારે ૯૧૧ કરોડ રૂપિયા સીધા લોકોના ખાતામાં જમા કરાવ્યા હતા. વર્ષ ૨૦૨૪-૨૫માં કુલ રકમ ૨,૧૪૦ કરોડ રૂપિયા સુધી પહોંચી ગઈ. આ આંકડાઓ પાછળ ફક્ત પૈસા જ નથી, દરેક પરિવારની ખુશી છે, દરેક ખેડૂતની જીત છે.

૨૩ ફેબ્રુઆરી ૨૦૨૪ ના રોજ, માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના માર્ગદર્શન હેઠળ, ૧૦ લાખ લિટર પ્રતિ દિવસની પ્રક્રિયા ક્ષમતાથી સજ્જ બનાસ કાશી સંકુલનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું અને પૂર્વાંચલમાં શ્વેત ક્રાંતિ નવી ઊંચાઈએ પહોંચી. અહીંના દૂધમાંથી દહીં, લસ્સી, મીઠાઈઓ અને આઈસ્ક્રીમ જેવા ઉત્પાદનો બનાવવામાં આવે છે. કાશીની મીઠાશ હવે દેશ અને દુનિયાના ખૂણે ખૂણે પહોંચી રહી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજી દ્વારા વિતરણ કરાયેલ ગુજરાતની દુધાળી ગીર ગાયના સંવર્ધનનું કાર્ય ઝડપથી આગળ વધી રહ્યું છે.

ભારત સરકાર અને ઉત્તર પ્રદેશ સરકારના સહયોગથી, ગીર સહવાલ વાછરડાઓ હવે ગર્ભ પ્રત્યારોપણ ટેકનોલોજી દ્વારા બનારસની ધરતી પર જન્મી રહ્યા છે અને તેમણે એક નવા યુગની શરૂઆત કરી છે તથા પ્રગતિના ચક્રને વધુ વેગ આપ્યો છે, માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના નેતૃત્વમાં, ખેડૂતોને દૂધના ભાવ ઉપરાંત વધારાનું બોનસ આપવામાં આવશે, જે હેઠળ વર્ષ ૨૦૨૩-૨૦૨૪ માટે આપણા ખેડૂત ભાઈ-બહેનોને ૧૦૬ કરોડનું બોનસ વિતરણ કરવામાં આવી રહ્યું છે.
આજે બનાસ પરિવાર આટલું મોટું બોનસ આપીને ખૂબ જ ખુશ છે. જ્યારે ખેતરમાં આશા ઉગે છે, ત્યારે તેને ફક્ત અનાજ કહેવાય નહીં. ક્યારેક તે દૂધના રૂપમાં વહે છે તો ક્યારેક તે મંદિરમાં લાડુના રૂપમાં વહેંચાય છે, તો ક્યારેક જીવનશક્તિ બની ઘરમાં ખુશહાલી લાવે છે. કાશી હવે નવચેતનાનું નૂતન રૂપ છે. અહીં શ્રદ્ધા છે, સાથે છે આત્મનિર્ભરતા. અને એ આત્મનિર્ભરતા હવે "બનાસ"ના નામે દેશના હૈયે વહે છે.



**બનાસ ડેરીએ આશાઓને આવકમાં પરિવર્તિત કરવાનું વિઝન આપ્યું.**

**ઉત્તર પ્રદેશના પશુપાલકોને રૂ.૧૦૬ કરોડનું બોનસ વિતરણ કરીને બનાસ પરિવાર ખુશ છે.**

**આત્મનિર્ભરતા હવે "બનાસ"ના નામે દેશના હૈયે વહે છે.**







# ચેરમેન શ્રી શંકરભાઈ અને આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલેની વિશેષ ઉપસ્થિતિમાં યોજાયો બનાસ મેડિકલ કોલેજ, મોરિયાનો દ્વિતીય પદવીદાન સમારંભ

બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી અને આરોગ્ય મંત્રી માન. શ્રી ઋષિકેશભાઈ પટેલજીની વિશેષ ઉપસ્થિતિમાં બનાસ મેડિકલ કોલેજ એન્ડ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ, મોરીયા ખાતે ૨૦૧૯ બેચના વિદ્યાર્થીઓ માટે ભવ્ય રીતે દ્વિતીય પદવીદાન સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી અને આરોગ્ય મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલે તેમના શુભહસ્તે દ્વારા MBBS ના ૨૦૧૯ બેચના ૧૭૦ તબીબી વિદ્યોર્થીઓને પદવી એનાયત કરી તેમનું ભવિષ્ય તબીબી સેવાના માધ્યમથી સમાજસેવા તરફ એક નવા યાત્રાપથ પર પ્રયાણ કરે, તેવી શુભેચ્છાઓ પાઠવામાં આવી હતી. આ કોલેજ જિલ્લા સહીત આજુબાજુના રાજ્યો તેમજ અન્ય જિલ્લાઓના વિદ્યાર્થીઓને શ્રેષ્ઠ સુવિધા અને વ્યવસ્થા સાથે તબીબી શિક્ષણ પૂરું પાડે છે તેમજ અંતરિયાળ વિસ્તારના લોકોને આધુનિક રીતે ઉત્તમ આરોગ્ય સારવાર ઉપલબ્ધ કરાવે છે.

આ અવસરે આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે જણાવ્યું કે ગુજરાત સરકારનું લક્ષ્ય દરેક જિલ્લામાં મેડિકલ કોલેજ સ્થાપવા તરફ છે, જેથી દર વર્ષે ૮૫૦૦ નવા તબીબો દેશને મળે. તેમણે વધુમાં જણાવ્યું કે બનાસ મેડિકલ કોલેજ ગુજરાતની પ્રથમ PPE મોડેલ આધારિત સંસ્થા છે, જેનો પાયો સ્વયં ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ ઊભો કર્યો છે. રાજ્ય સરકારે હાલમાં ૭૨૫૦ નવી MBBS સીટો અને ૪૫૦ પોસ્ટ ગ્રેજ્યુએટ એસેન્સિયલિટી મંજૂર કરી છે.

ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ વિદ્યાર્થીઓ અને પશુપાલકો સાથે સંવાદ કરતાં કહ્યું હતું કે બનાસ મેડિકલ કોલેજ દેશ દુનિયાની એવી કોલેજ છે, જેના માલિક ખેડૂતો અને પશુપાલકો છે. મધમાખી ફુલોમાંથી રસ કાઢી મધ બનાવે છે એમ પશુપાલકોના પરિશ્રમથી બનાસ મેડિકલ કોલેજ બની છે. આ લાખો પશુપાલકોના આશીર્વાદ સદાય તમારા પર રહેશે એમ જણાવી જ્યાં કામ કરો ત્યાં ટીમવર્કથી કામ કરવા અને ખુશીઓનું વાવેતર કરવા જણાવી ચેરમેનશ્રીએ લોકોના જીવનમાં સેવા રૂપી દીપ પ્રજ્વલિત કરવાના અનુરોધ સાથે શુભાશિષ પાઠવ્યા હતા. વધુમાં તેમણે જણાવ્યું હતું કે બનાસકાંઠા જિલ્લાની આરોગ્ય ક્ષમતા વધારવા માટે બનાસ મેડિકલ કોલેજ સ્થાપવામાં આવી છે. હવે PG અભ્યાસક્રમોની શરૂઆત, અને પાલનપુરની જનરલ હોસ્પિટલમાં અદ્યતન તબીબી સુવિધાઓ ઉપલબ્ધ કરવી એ આગામી દિશાઓ છે. તેમણે વધુમાં જણાવ્યું કે જલદી જ જિલ્લાના દર્દીઓને કેન્સર અને કિડની જેવી ગંભીર બીમારીઓ માટે ખાસ હોસ્પિટલ ઉપલબ્ધ થશે. અને અનોખા પ્રોજેક્ટ રૂપે ગાયના ગોબરમાંથી CNG બનાવવાની સાથે સાથે "સુપર ફૂડ" ક્ષેત્રે પણ બનાસનુ યોગદાન વધશે. અત્યાધુનિક બોયઝ અને ગર્લ્સ હોસ્ટેલ, શ્રેષ્ઠ મેડિકલ ફેકલ્ટી અને સજ્જ લેબ્સ, ઓક્સિજન પ્લાન્ટ, એક્સ રે અને લેબોરેટરી જેવી સુવિધાઓથી ઉજ્જવળ ભવિષ્ય માટે વિદ્યાર્થીઓ તૈયાર થઇ રહ્યા છે.

આપણે ગૌરવથી કહી શકીએ એવું છે કે પશુપાલકોની એકમાત્ર મેડિકલ કોલેજ બનાસ મેડિકલ કોલેજ છે, જ્યાં પશુપાલક પરિવારના બાળકો માટે ૫૦% ફી માફી જેવી સહાયથી અને દર મહિને નિશુલ્ક OPD/IPD જેવી આરોગ્ય સેવાઓ પુરી પાડવામાં આવે છે. બનાસ મેડિકલ કોલેજે એક મિત્ર સંસ્થા તરીકે સમાજના આરોગ્ય અને શિક્ષણ બંને ક્ષેત્રે સુખદ સાથદારો તરીકે પોતાનું સ્થાન વધુ મજબૂત બનાવ્યું છે. આ વર્ષેનો પદવીદાન સમારંભ માત્ર ડિગ્રી મેળવનાર વિદ્યાર્થીઓ માટે નહીં, પરંતુ સમગ્ર બનાસ પરિવાર માટે એક નવી આશા, એક નવી દિશા અને જનસેવા પ્રત્યેની પ્રતિબદ્ધતાની ઉજવણી બની રહી હતી.



મેડિકલ કોલેજના ચેરમેન શ્રી પી.જે. ચૌધરીના જણાવ્યા અનુસાર, આ સંસ્થા દરરોજ ૧૭૦૦થી વધુ OPD દર્દીઓની સેવા કરે છે, ૬૦૦થી વધુ IPD દર્દીઓની સારવાર કરે છે અને દર મહિને ૫૫૦થી વધુ નિ:શુલ્ક ઓપરેશનો કરે છે. આ પ્રસંગે મેડિકલ કોલેજના ડીન ડૉ. રૂપમ ગુપ્તાએ તબીબી શપથ લેવડાવી, જેનાથી ભાવિ તબીબોના મનમાં સેવા અને સંકલ્પની ભાવનાઓ ઉન્નત થઈ. કાર્યક્રમમાં અનેક અગ્રણીઓ અને સાંસદો, ધારાસભ્યો, વાલીઓ અને વિદ્યાર્થીઓએ ઉપસ્થિતિ દર્શાવી, કાર્યક્રમને સામૂહિક ઉજવણીમાં ફેરવ્યો. આ સમારંભ એ માત્ર એક પદવી વિતરણ સમારોહ ન રહ્યો—તે એક સંકલ્પ, એક દિશા અને એક સમર્પિત સેવા યાત્રાની શુરૂઆત બની ગયો હતો!



# ચેરમેનશ્રી શંકરભાઈ ચૌધરીએ ટેટોડા ગામે નિર્માણાધીન તળાવની કામગીરીનું નિરીક્ષણ કરી પ્રજાજનો સાથે કર્યો પાણીદાર સંવાદ



બનાસ ડેરી અને ગ્રામજનોની લોકભાગીદારીથી શરૂ થયેલું "બનાસ જળસંચય અભિયાન" હવે એક નવતર ચહેરો ધરાવે છે. તાજેતરમાં જ, ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ ડીસા તાલુકાના ટેટોડા ગામે નિર્માણાધીન તળાવની મુલાકાત લીધી હતી. અહીં માત્ર એક તળાવ નથી ઊભું થઈ રહ્યું, પરંતુ જળસંપત્તિનો એક જીવંત ભંડાર, એક સમૃદ્ધ ભવિષ્યની આશા ઊભી થઈ રહી છે.

ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ ગામના લોકો સાથે વાતચીત કરીને જળસંચયના દુરગામી લાભોની વાત કરી. 15 વિઘાથી વધુ વિસ્તારમા ફેલાયેલું આ તળાવ, "અમૃત સરોવર" તરીકે ઓળખાશે અને અંદાજે 30 કરોડ લિટરથી વધુ પાણી સંગ્રહ કરવાની ક્ષમતા ધરાવે છે. આ માત્ર આંકડો નથી, આ છે એક ઉજળું ભવિષ્ય – જ્યાં દર બૂંદ સમૃદ્ધિ લાવશે.

તેઓએ ભાવુક શબ્દોમાં જણાવ્યું કે, "ચોમાસાની એક બૂંદ પણ વેડફાઈ નહીં જાય, તેનો સંચય થશે અને ભવિષ્યની પેઢીઓ માટે આપણે પાણીથી ભરેલ વારસો છોડી જઈશું. આ અભિયાન અંતર્ગત બનતા તળાવોને કારણે હવે કુવા અને બોરના પાણીના તળ પાછા ઊંચા આવશે. ખેતી માટે પાણી, પશુપાલકો માટે વિશ્વાસભર્યો પાણીનો સ્ત્રોત અને વિધિવત જળ વ્યવસ્થાપન—આ બધું તત્કાલ અને દુરગામી લાભરૂપ બની રહેશે. ચોમાસાની ઋતુમાં જ્યારે આ તળાવ વરસાદથી બે-ત્રણ વખત ભરાઈ જશે, ત્યારે તેમાં ઉમટતો પાણીનો દરિયો જમીનમાં ઉતરશે અને ભૂગર્ભ જળસ્તર વધારશે. આ માત્ર સંવેદનશીલ યોજના નહીં, એક આહલાદક અનુભવ હશે—જ્યાં કુદરતના ખોળામાં આરામ કરતાં હોઈએ એવું શાંતિમય દૃશ્ય સર્જાશે. ટેટોડાનું આ તળાવ હવે માત્ર એક તળાવ નહીં—પણ ખેડૂતો અને પશુપાલકો માટે સમૃદ્ધિનું પ્રતીક, આશાનું કિરણ અને કુદરતી સંપત્તિને સાચવવાની જીવંત યાદગીરી બનીને ઊભું રહેશે.





### જળ સંપદાને સાચવવાથી થશે માનવજીવનનું ભવિષ્ય સુરક્ષિત

ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ ઉપસ્થિત પ્રજાજનો સાથે સંવાદ કરતા જણાવ્યું હતું કે આપણે અત્યાર સુધી સાંભળ્યું છે કે "જળ એ જીવન છે", પણ આજે એ માત્ર ઉક્તિ નહીં, એ સંઘર્ષ બની ગયો છે. પ્રાચીનકાળમાં આપણા પૂર્વજોએ જળસંચયને જીવનશૈલીનો એક ભાગ બનાવી દીધો હતો. તે સમયના લોકો તળાવ, વાવ, કુવા જેવી કુદરતી સંરચનાઓ દ્વારા ચોમાસાના પાણીનો સંચય કરતા, જેથી ઉનાળામાં પણ પાણીની અછત ન અનુભવવી પડે. આ પાણીના શિલ્પો માત્ર ઉપયોગી જ નહીં પણ એમાં તેમની દૃષ્ટિ અને ધરતી માટેનો પ્રેમ ઝળહળતો હતો.

આજની સ્થિતિ ઉપર નજર કરીએ, તો દુઃખ થાય છે. અનેક ગામડાઓમાં પહેલા તળાવો હતા, હવે ત્યાં સુકાભઠ્ઠ મેદાનો- વગડાઓ ઊભા થઈ ગયા છે. કુવા સુકાઈ ગયા છે, તળાવો દટાઈ ગયા છે અને વરસાદી પાણી વેડફાઈ જાય છે. ભૂગર્ભજળનું સ્તર ધીમે ધીમે ઘટી રહ્યું છે અને આપણે માત્ર જોઈ રહ્યા છીએ. આજની ૨૧મી સદીમાં "જળસંચય" માત્ર જરૂરિયાત નથી, પણ આંદોલન છે – જળક્રાંતિ. જળસુરક્ષા અને જળવ્યવસ્થાપન જેવા આયોજનો સક્ષમ રીતે અમલમાં લાવવા એ આજના સમયમાં આપણા સૌની સામૂહિક જવાબદારી છે. આપણે જો આજે પગલાં ન લઈએ, તો આવતી પેઢી માટે પાણી માત્ર પુસ્તકના પાનાં પર જોવા મળશે.



ગામની સમૃદ્ધિનો આધાર ખેતી અને પશુપાલન છે અને આ બંનેનો આધાર પાણી છે. આપણને પાણી વરસાદરૂપે કુદરત પાસેથી મળે છે, પરંતુ વરસાદનો કંટ્રોલ આપણા હાથમાં નથી.વરસાદ ક્યાં પડે, કેટલો પડે, ક્યારે પડે એ નિયંત્રણ થઈ શકતું નથી. બનાસકાંઠા જિલ્લામાં દિન-પ્રતિદિન ભૂગર્ભજળ ઘણા ઝડપી ઊંડા જઇ રહ્યાં હતા. જિલ્લામાં પશુપાલન અને ખેતીવાડી નિભાવવા માટે સર્વત્ર પાણીની અછત વર્તાઈ રહી હતી. પાણીની વિકટ સમસ્યાના નિરાકરણ માટે વરસાદી પાણીનું મહત્વ અને તેના જળસંચયની તાતી જરૂરિયાત અંગે ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ સતત બનાસ ડેરીના નિયામક મંડળમાં અને ખેડૂતો વચ્ચે ચિંતાઓ વ્યક્ત કરી હતી. ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ ખેડૂતો અને પશુપાલકોની વેદના સાંભળતા જળસંકટના કારણે ઉભી થતી સમસ્યાઓ, દુરોગામી અસરોની, નિયામક મંડળના સભ્યશ્રીઓ સમક્ષ ચિંતાઓ વ્યક્ત કરી, બનાસ ડેરીના નેજા હેઠળ જળ સંચય કામગીરીની શરૂઆત કરવા અને સમગ્ર બૃહદ બનાસકાંઠાને હરિયાળો અને પાણીદાર બનાવવાનો દ્રઢ સંકલ્પ કર્યો હતો. આવનારુ ભવિષ્ય પાણીની તંગીથી ઝઝૂમતું ન બને, એ માટે આજે જ પગલાં ભરવાની જરૂર છે — અને એ જ દિશામાં ધરતીને અમૃતમય બનાવવા માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ કરેલા આહ્વાનને સાચા અર્થમાં સાકાર કરવા ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ લોકભાગીદારી સાથે બનાસ ડેરીએ એક પહેલ રૂપે "બનાસ જળસંચય અભિયાન" શરૂ કર્યું છે.

આ અભિયાનનો મુખ્ય હેતુ છે ગામડાઓમાં વરસાદી પાણીનો સંગ્રહ કરવો અને ભૂગર્ભ જળસ્તરને ઊંચા લાવવા, જેથી ખેડૂત અને પશુપાલક બંનેને લાંબા ગાળે લાભ મળી શકે. બનાસ ડેરી ગામડાઓમાં તળાવોને ઊંડા કરી ચોમાસાના પાણીનો સંગ્રહ કરે છે, જેથી પાણીનું પુનઃચક્રણ થાય અને આવતી પેઢી માટે પાણીની સમૃદ્ધિ યથાવત રહે. આ ભગીરથ કાર્યના શ્રેયદ્રષ્ટિવાન લોકસેવક અને બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ આપેલ સુત્ર "ખેતરનું પાણી ખેતરમાં, સીમનું પાણી સીમમાં અને ગામનું પાણી ગામમાં રહે" – આ માત્ર સૂત્ર નહીં, પણ એક સમગ્ર જળ નીતિ છે, જે સાદી ભાષામાં પણ ઊંડો અર્થ ધરાવે છે.

"બનાસ જળસંચય અભિયાન" એ માત્ર એક યોજના નથી – એ ભાવિ પેઢી માટેના જળસંપત્તિના સંરક્ષણની દિશામાં એક ક્રાંતિકારી પગલું છે. આ અભિયાન બતાવે છે કે જ્યારે સંસ્થા, સમાજ અને નેતૃત્વ એકસાથે આવી જાય, ત્યારે સમૃદ્ધિ જલ્દીથી સંભવ બને છે. ચાલો, આપણે સૌ મળીને આ જળયાત્રામાં સહભાગી બનીએ –ફરી એકવાર આપણું જુનું ગૌરવ જીવંત કરીએ – તળાવોનું નિર્માણ કરી વરસાદી પાણીનો સંગ્રહ કરીએ, જળસંચયને આપણા હૃદયનો ભાગ બનાવીએ. હવે સમય છે કે આપણે કુદરતની સાથે પુનઃસંવાદ શરૂ કરીએ –પાણીનું મૂલ્ય સમજીએ, અને દરેક ટીપું બચાવીએ.

# ભાટિબ ગામે ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ એક સાથે ૫૧ ખેત-તલાવડીઓના નિર્માણ કાર્યનું કર્યું ખાતમુહૂર્ત

ધાનેરા તાલુકાના ભાટિબ ગામ ખાતે જળ સંચય અભિયાન અંતર્ગત ૫૧ ખેત તલાવડીઓના નિર્માણ કાર્યનું ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના શુભહસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. તેમણે ખેડૂતોને જણાવ્યું હતું કે “ખેડૂતો દ્વારા ખેત તલાવડી બનાવી જળ સંરક્ષણ તરફ ઉઠાવવામાં આવેલું પગલું ખૂબ જ સરાહનીય છે. આ પહેલ ખેતી માટે લાંબા ગાળે લાભદાયી સાબિત થશે અને જમીનમાં પાણીના સ્તર જાળવી રાખવામાં સહાયક બનશે.”





### જળસંચય માટે ભાટિબ ગામ બન્યું પ્રેરણાસ્ત્રોત

એકસાથે ૫૧ ખેતલાવડીઓનું ખાતમુહૂર્ત ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના શુભહસ્તે સંપન્ન થતાં ભાટિબ ગામે ધાનેરાવાસીઓને પોતાના વિસ્તારને પાણીદાર વિસ્તાર બનાવવા માટે પ્રેરણા પુરી પાડી છે.  ચેરમેનશ્રી એ ગ્રામજનોને જણાવ્યું હતું કે આ ક્ષણે માત્ર ખાતમુહૂર્ત કરવામાં નથી આવ્યું, પરંતુ એક સંકલ્પ કરવામાં આવ્યો છે—પાણીની દરેક બૂંદને સંરક્ષિત કરીને ભવિષ્યની ખેડૂત પેઢી માટે વધુ દરેક સ્થિતિસ્થાપક, દરેક આશાસ્પદ આવતીકાલ ઉભી કરવાનો. આ તલાવડીઓ માત્ર માટીનો ખાડો નહિ, પણ એક ખેડૂતના સપનાનો ભંડાર છે—જ્યાં ચોમાસાના વરસાદથી ભરાયેલા પાણીથી પાક પોષાશે, જમીન તંદુરસ્ત બનશે અને ખેતી ખીલવા લાગશે.

ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ પોતાના સંબોધનમાં ખેડૂતોના ઉત્સાહ અને તેમના સહકારની ઉત્સાહભેર પ્રશંસા કરતા કહ્યું, “ખેત તલાવડી એ માત્ર એક તળાવ નથી, તે એક દૃઢ નિર્ધાર છે-પાણી બચાવવાનું, જમીન બચાવવાનું અને ખેતીને જીવંત રાખવાનું. જે ખેડૂત આજે પોતાના ખેતરમાં ખેત તલાવડી બનાવે છે, તે આવતીકાલ માટે એક નવી લાઈફલાઇન ઊભી કરે છે. ખેત તલાવડીઓની મહત્વપૂર્ણ વિશેષતાઓમાં પોષણયુક્ત માટી જાળવી રાખવી, ભૂગર્ભ જળસ્તર વધારવો અને કૃષિ માટે સતત પાણી ઉપલબ્ધ રાખવુ સામેલ છે. લાંબા ગાળે આ ખેત તલાવડીઓ ખેતી ખર્ચમાં ઘટાડો લાવશે, ઉત્પાદનમા વધારો કરશે અને ખેડૂતોની આત્મનિર્ભરતા વધારશે. ભાટિબ ગામની આ પહેલ સમગ્ર ધાનેરા તાલુકા માટે પ્રેરણાસ્રોત બનશે. જ્યારે ૫૧ ખેત તલાવડીઓ જમીનમાં ઊંડાઈ લેતી હશે, ત્યારે સાથેસાથે ભવિષ્ય માટે ઊંડા આશાવાદ પણ ઊગશે.

આ ખાતમુહૂર્ત એક નવી શરુઆત છે, જ્યાં જ્યાં ધરતી માતા માટે કાળજી, ખેડૂતો માટે સમૃદ્ધિ અને સમગ્ર સમુદાય માટે સ્થીર વિકાસની આશા સંગઠિત થાય છે. બનાસ જળસંચય અભિયાન હવે માત્ર પ્રોજેક્ટ નહીં, પણ એક જનઆંદોલન બની રહ્યું છે—જે દર બૂંદથી ભવિષ્ય ભરે છે.



"જો આજે આપણે સતર્ક બનીને સતત દસ વર્ષ સુધી જળ સંરક્ષણ માટે પ્રયત્નશીલ રહીશું, તો ભાવિ પેઢીને જળથી સમૃદ્ધ વારસો અને સુરક્ષિત ભવિષ્યની ભેટ આપી શકીશું. જળ બચાવવું માત્ર જવાબદારી નથી, તે પવિત્ર કર્તવ્ય છે. દરેક વ્યક્તિએ જળસંચયને જીવનનો એક અભિન્ન હિસ્સો બનાવવો જોઈએ, કેમ કે જળ બચાવવું એ ઈશ્વરીય કાર્ય છે."

**શ્રી શંકરભાઈ ચૌધરી (ચેરમેન, બનાસ ડેરી)**





# ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીની અધ્યક્ષતામાં યોજાઈ બનાસ જળસંરક્ષણ માટે ચિંતન બેઠક

**"ભલે આપણે મોડા હોઈએ,
પણ સારું કામ કરવાનું ક્યારેય મોડું હોતું નથી"
– ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી**

બનાસકાંઠા જિલ્લામાં ઉનાળાની શરૂઆત સાથે જ ઊભી થતી પાણીની ગંભીર સમસ્યાનો કાયમી ઉકેલ લાવવા માટે બનાસ ડેરી દ્વારા "બનાસ જળ શક્તિ અભિયાન" શરૂ કરવામાં આવ્યું છે. આ અભિયાનના અંતર્ગત બનાસ મેડિકલ કોલેજ, મોરિયા ખાતે ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના માર્ગદર્શન હેઠળ જળસંરક્ષણ અંગે ચિંતન બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.

ચેરમેનશ્રીએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, "તળાવો માત્ર પાણી માટેની વ્યવસ્થા નથી, પરંતુ એ ગામના કૃષિ, પશુપાલન અને પર્યાવરણ માટે આધારસ્તંભરૂપ છે." વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના "Catch the Rain" અભિયાનથી પ્રેરણા લઈને બનાસ ડેરીએ "બનાસ જળ શક્તિ અભિયાન" શરૂ કર્યું છે.

તેમણે વધુમાં જણાવ્યું કે ," જો બનાસવાસીઓ આ અભિયાનને પોતાની જવાબદારી સમજીને સાથ આપે, તો જિલ્લામાં દરેક ગામને જળસંપન્ન બનાવવું શક્ય બની શકે. ભલે આપણે મોડા હોઈએ, પણ સારું કામ કરવાનું ક્યારેય મોડું હોતું નથી."

શંકરભાઈ ચૌધરીએ ઉમેર્યું કે, "આ મહાયજ્ઞમાં જોડાવા ઇચ્છતા કોઇપણ વ્યક્તિ રાજકારણથી ઉપર ઊઠીને સાથ આપી શકે છે. પાણીનો સંચય કરવો ખૂબ જરૂરી છે, પરંતુ જો તેનો ઉપયોગ કોઈ આયોજન વિના કરવામાં આવશે તો એ પણ એક દિવસ ખૂટી શકે છે. તેથી, પાણીનો કાર્યક્ષમ અને સમજદારીપૂર્વક ઉપયોગ અત્યંત જરૂરી છે."

જિલ્લામાં નવા તળાવો ખોદવા અને ઊંડા કરવાની કામગીરી ધીરે ધીરે ઝડપી ગતિએ આગળ વધી રહી છે. પાણી અછતગ્રસ્ત બૃહદ બનાસકાંઠામાં જળસંચયની તાતી જરૂરિયાત છે. "બનાસ જળ શક્તિ અભિયાન"માં થતી ઉમદા કામગીરીમાં સહકારી અને સ્થાનિક આગેવાનોએ કોઈ પણ પૂર્વગ્રહ, પક્ષ-વિપક્ષ કે વ્યક્તિગત અહમ વિના લોકભાગીદારીથી ઉત્સાહપૂર્વક જોડાવું જોઈએ. "આપણું કામ છે, આપણા માટે છે, અને આપણે સૌએ સાથે મળીને કરવાનું છે" – એ ભાવથી આગળ વધવું જરૂરી છે.



કેન્દ્રીય જળશક્તિ મંત્રી શ્રી સી.આર. પાટીલ સાહેબ દ્વારા પણ બનાસકાંઠામાં જળસંરક્ષણના દરેક પ્રયાસ માટે તમામ પ્રકારની સહાયતા કરવાની ખાતરી આપવામાં આવી છે. વર્ષ ૨૦૨૧થી ૨૦૨૪ દરમિયાન બનાસ ડેરી અને રાજ્ય સરકારના સહયોગથી જિલ્લાનાં ૧૯ તાલુકાઓમાં કુલ ૩૧૯ તળાવોના નવનિર્માણ, ઊંડાણ અને ખોદકામનું કાર્ય પૂર્ણ થયું છે – જે જળસંચયની દિશામાં એક મહત્વપૂર્ણ સિદ્ધિ છે.

આ ચિંતન બેઠકમાં પૂર્વ સાંસદ શ્રી પરબતભાઈ પટેલ, ધારાસભ્યશ્રી અનિકેતભાઈ ઠાકર, ધારાસભ્ય શ્રી સ્વરૂપજી ઠાકોર, જિલ્લા ભાજપ પ્રમુખ અને પૂર્વ મંત્રી શ્રી કિર્તીસિંહજી ચૌહાણ, જી.એન.પી.સી. ટ્રસ્ટના ચેરમેન શ્રી પી.જે. ચૌધરી, બનાસ બેંકના ચેરમેન શ્રી ડાયાભાઈ પીલીયાતર, બનાસ ડેરીના વાઈસ ચેરમેન શ્રી ભાવાજી રબારી, ડીસા માર્કેટ યાર્ડના ચેરમેન અને પૂર્વ ધારાસભ્ય શ્રી ગોવાભાઈ દેસાઈ, બોર્ડ ઓફ ડિરેક્ટરો, અધિકારીશ્રીઓ અને અન્ય આગેવાનોએ ઉપસ્થિતિ આપી હતી.







# FAT અને SNF આધારિત દૂધના ભાવ ચૂકવવાની નવી પદ્ધતિ: પશુપાલકો માટે આર્થિક લાભ

ભારતીય દૂધ ઉદ્યોગ સતત પ્રગતિ કરે છે, અને તેમાં સમયાંતરે આવનારા નવા ફેરફારો પશુપાલકોને વધુ ન્યાયપૂર્ણ અને સારા ભાવ મળે તે માટે અપનાવવામાં આવ્યા છે. વર્ષ 2015 સુધી, મંડળીઓમાં ફક્ત FAT (ફેટ) આધારિત દૂધના ગુણવત્તા માટે ભાવ ચૂકવવામાં આવતો હતો. પરંતુ આ પદ્ધતિમાં SNF (સૉલિડ નૉટ ફેટ)ના મહત્વને અવગણવામાં આવતું હતું, જે દૂધની સમગ્ર ગુણવત્તામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

### ફેટ અને SNF આધારિત નવું મૉડલ

વર્ષ 2015 પછી, બનાસ ડેરી દ્વારા એક મહત્વપૂર્ણ નિર્ણાયક ફેરફાર કરવામાં આવ્યો. હવે ફક્ત FAT આધારે નહીં, પણ FAT અને SNF બંનેને ધ્યાને લઈને પશુપાલકોને દૂધના ભાવ ચૂકવવામાં આવે છે. આ નવી પદ્ધતિ દ્વારા, SNFનું પ્રમાણ વધું હોય તો પશુપાલકોને તેનો લાભ મળે છે.

### પશુપાલકોને આર્થિક લાભ

અગાઉની પદ્ધતિ મુજબ, જો ગાયના દૂધમાં SNF 8.5% કરતાં વધુ હોય તો પણ પશુપાલકને ફક્ત 8.5% માટે જ ભાવ મળતો હતો.

હવે SNF વધારે હોય તે પ્રમાણે પશુપાલકને વધારાનો ન્યાયસંગત ભાવ મળે છે.

આ સુધારા દ્વારા પશુપાલકોને દૂધના ગુણવત્તા અનુસાર યોગ્ય અને આર્થિક રીતે લાભદાયી ભાવ મળી રહ્યો છે.

### મશીનો અને જાગૃતતા

ગુણવત્તા તપાસ માટે ટેક્નોલોજીના વ્યાપક ઉપયોગમાં, બનાસકાંઠા અને રાજસ્થાનમાં આજ સુધી 5,670 ઈકો મિલ્ક-એનાલાઇઝર મશીનો સ્થાપિત કરવામાં આવ્યા છે.

**બનાસકાંઠા: 1,706 મંડળીઓ**

**રાજસ્થાન: 328 મંડળીઓ**

આ મશીનોના ઉપયોગથી દૂધની ગુણવત્તા સુધારવામાં સહાય મળી છે અને FAT-SNF ની યોગ્ય ગણતરી શક્ય બની છે.

### ગ્રાહકોમાં જાગૃતિ

આ પદ્ધતિએ મંડળીના સભ્યો અને ગ્રાહકો બંનેમાં દૂધની ગુણવત્તા પ્રત્યે જાગૃતતા વધારી છે.

તેના પરિણામે, દૂધના સરેરાશ FAT અને SNF પ્રમાણમાં પણ સુધારો થયો છે.

### બનાસડેરીના યોગદાન અને માર્ગદર્શન

આ બદલાવ માટે બનાસડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના દૃઢ માર્ગદર્શન અને દૂધ મંડળીઓ સહકારથી સમગ્ર પ્રોજેક્ટ સફળતાપૂર્વક અમલમાં મૂકવામાં આવ્યો છે.

**લક્ષ્ય:** તમામ મંડળીઓ સાથે જોડાઇને લાખો પશુપાલકોને ગુણવત્તા આધારિત સારા ભાવ ઉપલબ્ધ કરાવવાનો.

આ પદ્ધતિએ માત્ર પશુપાલકો માટે નફાકારક સિદ્ધ થઇ છે નહીં, પરંતુ મંડળીઓના નફામાં પણ વધારો કર્યો છે.

FAT અને SNF આધારિત દૂધના ભાવ ચૂકવવાની પદ્ધતિ દૂધ ઉદ્યોગમાં એક ક્રાંતિસભર પગલું છે. આ ટેક્નોલોજી આધારિત અને ગુણવત્તા કેન્દ્રિત પદ્ધતિએ દૂધ ઉદ્યોગને મજબૂતી સાથે આગળ વધાર્યું છે, અને પશુપાલકો તેમજ મંડળીઓ બંને માટે આર્થિક લાભ પૂરો પાડ્યો છે. આ મૉડેલ ગ્રામીણ આર્થિક વિકાસ માટે એક શ્રેષ્ઠ ઉદાહરણ છે.







# બનાસ સૈનિક સ્કૂલ: શિક્ષણ અને શિસ્તબદ્ધ વિકાસનું અદ્ભુત પાયાનું કેન્દ્ર



બનાસ સૈનિક સ્કૂલ ઉત્તમ ગુણવત્તાયુક્ત શાળાકીય શિક્ષણ પ્રદાન કરનારી સૈનિક સ્કૂલ પૈકી નામાંકિત સંસ્થાઓમાંની એક અગ્રેસર શાળા છે. જેમાં વિદ્યાર્થીઓને સૈનિક તાલીમ સહિત ઉજ્જવળ કારકિર્દી સંદર્ભેનું શિક્ષણ આપવામાં આવે છે. બનાસ ડેરીએ સહકારી રીતે સંચાલિત બનાસ સૈનિક શાળાની સ્થાપના કરી છે. બનાસ સૈનિક સ્કૂલ દેશના વિવિધ વિસ્તારો અને બનાસકાંઠા જિલ્લાના બાળકોને ઉત્તમ શિક્ષણ અને સર્વાંગી વિકાસ આપીને રાષ્ટ્રના સુરક્ષા દળ અને અન્ય રોજગાર માટે તૈયાર કરે છે. ઉલ્લેખનીય છે કે બનાસ મેડિકલ કોલેજના કેમ્પસમાં છેલ્લા કેટલાક સમયથી સોનિક સ્કૂલ શરૂ કરવામાં આવી છે. સૈનિક સ્કૂલ માટે પાલનપુર તાલુકાની આજુબાજુમાં એક જગ્યા ખરીદવામાં આવી છે, જ્યાં ભવ્ય અને અદભૂત સૈનિક સ્કૂલના નિર્માણ કાર્યનું આયોજન કરવામાં આવ્યું છે. સૈનિક શાળાઓ પ્રતિષ્ઠિત સંસ્થાઓ છે જેનો હેતુ સશસ્ત્ર દળોમાં કારકિર્દી માટે યુવાનોને તૈયાર કરવાનો છે. આ શાળાઓ શિસ્ત, શારીરિક તંદુરસ્તી અને ચારિત્ર્ય વિકાસ પર ભાર મૂકીને સર્વગ્રાહી શિક્ષણ પ્રદાન કરે છે.

**સૈનિક શાળા શરૂ કરવા પાછળનો ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓને રાષ્ટ્રીય શિક્ષણ નીતિને અનુરૂપ ગુણવત્તાયુક્ત શિક્ષણ પૂરું પાડવા અને સશસ્ત્ર દળોમાં જોડાવા સહિતની અન્ય કારકિર્દીની વધુ સારી તકો પૂરી પાડવાનો છે.**

**બનાસ ડેરી બનાસ સૈનિક સ્કૂલને ભારતની પ્રતિષ્ઠિત સૈનિક શાળામાની એક બનાવશે, જે ખાસ કરીને ગ્રામીણ લોકોને ગુણવત્તાયુક્ત શિક્ષણ સેવા પૂરી પાડશે અને તેમના શરીર, મન, ચારિત્ર્યનો રાષ્ટ્રીય ભાવના, અદમ્ય સાહસનો વિકાસ કરશે.**

બનાસ સૈનિક સ્કૂલ એવી પ્રતિષ્ઠિત શાળા છે, જે ભારતીય રાષ્ટ્રીય શિક્ષણ નીતિ સાથે જોડાયેલી સૈનિક તાલીમ અને શૈક્ષણિક શ્રેષ્ઠતા માટે પ્રખ્યાત છે. આ શાળાની સ્થાપના બનાસ ડેરી દ્વારા માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીની પ્રેરણાથી અને ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના માર્ગદર્શનમાં તા. 0 1 ઓગસ્ટ, 2 0 2 3 ના રોજ મોરિયા, બનાસકાંઠામાં કરવામાં આવી હતી.

## પીએમ મોદી સાહેબ પાસેથી મળી સૌનિક શાળા શરૂ કરવાની પ્રેરણા

આ સૈનિક શાળા શરૂ કરવાની પ્રેરણા આપણા દેશના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ પાસેથી મળી હતી. તમને જણાવી દઈએ કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજી નાનપણમાં સૈનિક સ્કૂલમાં ભણવા માંગતા હતા, તેમણે સૈનિક સ્કૂલમાં ફી પણ જમા કરાવી હતી, પરંતુ ઘરની આર્થિક સ્થિતિ નબળી હોવાના કારણે તેઓ પોતાનું સ્વપ્ન પુરી કરી શક્યા નહિ. ત્યારે તેઓ 14 વર્ષના હતા. તેમનું પોતાનું સપનું પૂરું ન થયું પરંતુ વડાપ્રધાન બન્યા બાદ તેમણે લાખો બાળકોના દેશની સેવા કરવાના સ્વપ્નને સાકાર કરવા દેશમાં ૧૦૦ સૈનિક શાળાઓનું નિર્માણ કરવાનો નિર્ણય કર્યો. જે અંતર્ગત સંરક્ષણ મંત્રાલયે એન.જી.ઓ/ખાનગી શાળાઓ/રાજ્ય સરકારો સાથે ભાગીદારીમાં ૨૧ નવી સૈનિક શાળાઓની સ્થાપનાને મંજૂરી આપી હતી. બનાસ ડેરી અને ગલબાભાઈ નાનજીભાઈ પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા બનાવવામાં આવેલ બનાસ સૈનિક શાળા પણ તે ૨૧ લશ્કરી શાળાઓમાંની એક છે.



બનાસ સૈનિક સ્કૂલ એ અનોખું ઉદાહરણ છે કે જે શૈક્ષણિક શ્રેષ્ઠતા, શારીરિક તાલીમ, અને નૈતિક મૂલ્યોના સંવર્ધન માટે રચાયેલ છે. વિદ્યાર્થીઓ કેમ્પસમાં રહીને સીબીએસઈ અભ્યાસક્રમ સાથે ફિઝિકલ ટ્રેનિંગ મેળવીને સર્વાંગી વિકાસ માટે તૈયારી કરી રહ્યા છે. દેશના વિવિધ રાજ્યોમાંથી વિદ્યાર્થીઓ અહીં અભ્યાસ માટે આવે છે, જે આ શાળાને રાષ્ટ્રીય એકતાનું અનોખું મંચ બનાવી આપે છે. શાળાના પ્રથમ શૈક્ષણિક વર્ષમાં ધોરણ-૭ના ૧૦૦% પરિણામો તેની શ્રેષ્ઠ શિક્ષણ પદ્ધતિઓનું પ્રમાણ આપે છે.

## વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ

શિક્ષકો ટેકનોલોજી અને નવીન વિચારધારાના ઉપયોગથી બાળકોને શ્રેષ્ઠ શિક્ષણ પ્રદાન કરી રહ્યા છે. બાળકોના શારીરિક વિકાસ માટે નિષ્ણાત પી.ટી. શિક્ષકો દ્વારા સવારે ફિઝિકલ ટ્રેનિંગ અને રમતોમાં રસ જાગે તે માટે વિશેષ તાલીમ આપવામાં આવે છે.

## વિશ્વસ્તરીય પ્રવૃત્તિઓ અને ક્લબો

બનાસ સૈનિક સ્કૂલમાં શૈક્ષણિક કાર્યો ઉપરાંત બાળકો માટે વિવિધ ક્લબોની રચના કરવામાં આવી છે. આમાં આર્ટ અને ક્રાફ્ટ, સંગીત, ડાન્સ, ડ્રામા, સ્પોકન ઇંગ્લિશ, પર્સનાલિટી ડેવલપમેન્ટ, અને ફાયર ફાઇટિંગ જેવી પ્રવૃત્તિઓ શામેલ છે. વિદ્યાર્થીઓને ગુજરાતી ભાષા અને સંસ્કૃતિનો પરિચય આપવામાં આવે છે, જેથી તેઓ રાજ્યની ઐતિહાસિક મૂલ્યવત્તાને સમજી શકે.

## કક્ષાના નિરીક્ષણ હેઠળ શાળાનું સંચાલન

શાળાનો સંચાલન કાર્ય ભારતીય સેનાના નિવૃત્ત કર્નલ સતીશ વત્સ સાહેબ, જે શાળાના નિયામક તરીકે કાર્યરત છે, તેમની કડક શિસ્ત અને વ્યવસ્થાપન કુશળતામાં ચાલી રહ્યું છે.

## રમતગમતમાં અનોખી તૈયારી

ખેલ મહાકુંભ જેવી સ્પર્ધાઓ માટે વિદ્યાર્થીઓમાં જુસ્સો છે. વર્તમાન તબક્કામાં શાળા વિશેષ કોચિંગ દ્વારા બાળકોને રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરે ઉત્કૃષ્ટ પ્રદર્શન માટે તૈયાર કરી રહી છે.

## સૈનિક શાળાનો પ્રચાર અને પ્રવેશ તૈયારી

શાળાના પ્રવેશ માટે જિલ્લાના ૧૬ તાલુકાઓમાં પ્રચાર-પ્રસાર કરવામાં આવી રહ્યો છે. સેન્ટ્રલ લેવલ પ્રવેશ પરીક્ષા માટે વિદ્યાર્થીઓને માર્ગદર્શનરૂપ વિડિયોઝ મોકલવામાં આવી રહ્યા છે, જેથી બાળકોને અભ્યાસક્રમ અંગે સંપૂર્ણ માહિતી મળી શકે.

## ભવિષ્ય માટેની દ્રષ્ટિ

હાલમાં શાળા મોરિયામાં કાર્યરત છે, પરંતુ ભવિષ્યમાં નવી ભવ્ય કેમ્પસ તૈયાર થયા બાદ તે ત્યાં સ્થાનાંતરિત થશે. બનાસ સૈનિક સ્કૂલ માત્ર એક શૈક્ષણિક સંસ્થા નથી, તે વિદ્યાર્થીઓ માટે રાષ્ટ્રસેવા અને નૈતિક મૂલ્યોને સમજતા શિકારી તરીકે ઉભરવાનું મંચ છે.





### મોદીજીએ યુવાનોને શિક્ષણ માટે પ્રોત્સાહિત કર્યા

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળની કેન્દ્ર સરકારની નવી શિક્ષણ નીતિ અંતર્ગત આધુનિક શિક્ષણની સાથે વિદ્યાર્થીઓ માટે રોજગારીની તકો ઊભી કરવાનો ઉદ્દેશ્ય છે. કેન્દ્ર સરકાર છેલ્લા કેટલાક સમયથી નવી શિક્ષણ નીતિ પર કામ કરી રહી છે. શિક્ષણ નીતિનો પાયો એવી રીતે નાખવામાં આવ્યો છે કે વિદ્યાર્થીઓના ભાવિ રોજગારની સંભાવનાઓ માટેનો માર્ગ આપોઆપ તૈયાર થઈ જાય. વિદ્યાર્થીઓને પ્રાથમિક અને ઉચ્ચ શિક્ષણ એ રીતે પૂરું પાડવું જોઈએ કે આધુનિક શિક્ષણની સાથે વિદ્યાર્થીઓને દેશના સંરક્ષણ સંબંધિત ક્ષેત્રોમાં સરળતાથી નોકરીઓ મળી શકે અને તેમની લાયકાતના આધારે તેમને નોકરી મેળવવામાં કોઈ મુશ્કેલી ન પડે. ભારતીય સેના અથવા પેરા મિલિટરી ફોર્સ વગેરે શક્ય છે. દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજી વારંવાર મન કી બાત અથવા તેમના ભાષણો દ્વારા યુવાનો અને યુવતીઓને સંબોધિત કરે છે અને યુવાનોને દેશના સંરક્ષણ ક્ષેત્ર, વિજ્ઞાન ક્ષેત્ર, આધુનિક શિક્ષણ તેમજ તેની સંસ્કૃતિ અને ઇતિહાસનો અભ્યાસ કરવા આગ્રહ કરે છે, જેના થકી આપણા દેશની સંસ્કૃતિ પર ગર્વની સાથે આજનું આધુનિક શિક્ષણ પણ શીખવી શકાય છે.

### ભવિષ્યની યોજનાઓ

બનાસ ડેરી બનાસ સૈનિક સ્કૂલને ભારતની પ્રતિષ્ઠિત સૈનિક સ્કૂલ બનાવવાની સાથે ગ્રામીણ જનતાના બાળકોને ગુણવત્તાયુક્ત શિક્ષણ સેવા પૂરી પાડી શકે અને તેમના શરીર, મન, ચારિત્ર્ય સાથે રાષ્ટ્રીય ભાવના, અદમ્ય હિંમતની ભાવનાનો વિકાસ કરી શકે તેવી શાળા બનાવવા કટીબદ્ધ છે. નાગરિકો સાથે રુટ અને મુખ્યત્વે સંરક્ષણ સેવાઓ માટે ગણવેશમાં બહાદુર નાગરિકો ઉત્પન્ન કરવાનો હેતુ છે.

ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ બનાસ સૈનિક શાળાના વાર્ષિક ઉત્સવમાં ઉપસ્થિત રહીને કહ્યું હતું કે રાષ્ટ્રના હિતમાં કામ કરતાં હું ગર્વ અનુભવું છું. બનાસ સૈનિક શાળામાં ભાયાસ કરતાં બાળકો પોતાનું ભવિષ્ય ઉજ્જવળ બનાવશે અને રાષ્ટ્રની સેવામાં અમૂલ્ય યોગદાન આપશે અને સાથે સાથે અહીં અભ્યાસ કરતાં ઘણા બાળકો તો ભવિષ્યમાં દેશની રક્ષા કરતાં જોવા મળશે. બાળકોને વધુ સારા નાગરિકો, શિક્ષિત યુવાનો, શિસ્તબદ્ધ, શારીરિક તંદુરસ્તી અને દેશની સુરક્ષા માટે સૈનિકો તરીકે વિકસાવવા માટે સોનિક સ્કૂલમાં મોકલવા બદલ વ્હાલીઓ, બનાસ ડેરી સહીત કર્મચારીઓનાં પુરુષાર્થને બિરદાવ્યો હતો.

### સૈનિક શાળાનો ઉદ્દેશ

બનાસ ડેરી દ્વારા નિર્મિત આ સૈનિક શાળાની સ્થાપનાનો ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓને રાષ્ટ્રીય શિક્ષણ નીતિને અનુરૂપ ગુણવત્તાયુક્ત શિક્ષણ પૂરું પાડવા અને સશસ્ત્ર દળોમાં જોડાવા સહિતની કારકિર્દીની વધુ સારી તકો પૂરી પાડવાનો છે. આજના યુવાનોને આવતીકાલના જવાબદાર નાગરિકો બનવા માટે તૈયાર કરીને રાષ્ટ્ર નિર્માણ તરફ સરકાર સાથે મળીને કામ કરવાની તક પણ પૂરી પાડે છે. જ્યારે બનાસ સૈનિક સ્કૂલ બાળકો આવ્યા ત્યારે મોટા ભાગના કિસ્સામાં તેમનું શિક્ષણ ધોરણ ખૂબ જ નીચું હતું, પરંતુ આજે સૈનિક શાળાના વિદ્યાર્થીઓ બધીજ રીતે પરિપક્વ બની ગયા છે. પીટી અને વિવિધ રમતો દરમિયાન સંતુલિત અને સર્વગ્રાહી વિકાસ પ્રવૃતિ હાથ ધરવામાં આવી હતી અને સારા ધોરણો હાંસલ કરી શક્યા છે. તેઓ સમય જતાં નોંધપાત્ર રીતે પ્રગતી કરી છે. આ સાથે સ્વ-શિસ્ત, સમયની પાબંદી, એકસમાન, જવાબદાર આચરણ અને ઉચ્ચ નૈતિક મૂલ્યો આત્મસાત કરવામાં આવી રહ્યા છે. મોટાભાગના બાળકો પ્રવેશ સમયે એક ભાષાથી અવગત હતા. ૯૦ ટકા વિદ્યાર્થીઓ અંગ્રેજી ભાષામાં કમ્ફર્ટેબલ ન હતા. ૫ હિન્દી અને ૭૭ ગુજરાતી જાણતા ન હતા. આજે બધા હિન્દી જાણે છે. અંગ્રેજી બોલવામાં ઘણો સુધારો થયો છે, જે દરેક વિષયમાં જોવા મળે છે કારણ કે તેમના શિક્ષણનું માધ્યમ અંગ્રેજી છે. ગુજરાતી નિબંધો લખવા અને નાટકો કરવા એ તેમના માટે આજે સરળ કાર્ય છે.

અહીં બાળકોમાં સ્વરક્ષણ કૌશલ્ય પણ વિકસાવવામાં આવી રહ્યું છે. વિદ્યાર્થીઓએ અહિયા રહીને તમામ સંસ્કૃતિઓમાંથી ઘણું શીખ્યું છે, વિવિધ વાનગીઓ ખાધી છે અને હિન્દી, ગણિત અને GK જેવા વિવિધ ક્ષેત્રોમાં શૈક્ષણિક શક્તિ પ્રાપ્ત કરી છે. આ સાંસ્કૃતિક શક્તિ આડકતરી રીતે અન્ય વિદ્યાર્થીઓ સુધી પહોંચી રહી છે. બાળકોને પસંદગીયુક્ત રીતે એક્સપોઝરમાં ઉજાગર કરવા અને તેમને વિકાસના મુખ્ય ક્ષેત્રો પર ધ્યાન કેન્દ્રિત કરવા સક્ષમ બન્યા છે, તેઓ વિવિધ પ્રવૃત્તિઓમાં જોડાવવા તેમજ ભાષા અને વિષયો શીખવા માટે સક્ષમ બની રહ્યાં છે.

"

# ભૂખલા ગામે બનાસ-સુઝુકી બાયોગેસ પ્લાન્ટની વિકાસ કામગીરીની ચેરમેન શ્રી શંકરભાઈએ કરી સમીક્ષા

"

વડગામ તાલુકાના ભૂખલા ગામે બનાસ ડેરી અને સુઝુકી મોટર કોર્પોરેશન, જાપાનની ભાગીદારીમાં નિર્માણ પામતો 'બનાસ-સુઝુકી બાયોગેસ' પ્લાન્ટ હવે અંતિમ તબક્કામાં છે. પ્લાન્ટની કાર્યપ્રગતિની ચકાસણી કરવા માટે બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ સ્થળ પર જઈ ચાલુ કામકાજની વિગતો મેળવી, સ્થાનિક ઈજનેરો અને જવાબદાર અધિકારીઓ સાથે ચર્ચા કરી અને જરૂરી સૂચનાઓ આપ્યા હતા.

શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, "આ પ્લાન્ટ માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના 'વેસ્ટ ટુ વેલ્થ' વિઝનને સાકાર કરે છે. ગાયના છાણનો ઉપયોગ કરીને બાયો CNG નિર્માણ થશે, જે માત્ર ઊર્જા ઉત્પાદન જ નહીં, પણ રોજગારી અને ગ્રામ્ય વિકાસ માટે પણ પાયો પુરો પાડશે.આ પ્લાન્ટ માત્ર ઊર્જા ઉત્પાદનનો કેન્દ્ર નથી, આ ગામથી શરૂ થતી એક મોટી પરિવર્તનની શરૂઆત છે. પેટ્રોલ-ડીઝલના વિકલ્પ તરીકે બાયો CNGનો ઉપયોગ ભારતીય ઊર્જા ક્ષેત્રમાં નવો પડકાર અને તક બંને છે."

અત્રે ઉલ્લેખનીય છે કે, દેશમાં ગાયના છાણથી ચાલતા વાહનો માટેના બાયોગેસ પ્લાન્ટની સ્થાપનાનું આ પહેલું આયોજન છે. પ્લાન્ટથી બનાસકાંઠા જિલ્લાના હજારો પશુપાલકોને નવો આવકનો સ્ત્રોત મળશે. છાણના પ્રોસેસિંગથી મળતી સજીવ ખાતર ખેતી માટે ઉપયોગી બનશે, જ્યારે બાયોગેસ ઉર્જા વાહન વ્યવહાર માટે વિકલ્પરૂપ સાબિત થશે.

ચેરમેનશ્રી શંકરભાઈ ચૌધરીએ કાર્યરત ટીમને કામ ઝડપથી પૂર્ણ કરવા માટે પ્રોત્સાહિત કર્યા અને જણાવ્યું કે પ્લાન્ટ ટૂંક સમયમાં લોકાર્પણ માટે તૈયાર થશે. પ્લાન્ટના પૂર્ણ થવાથી બનાસકાંઠા જિલ્લો એક નવી ઉર્જાક્રાંતિનો સાક્ષી બનશે. આ પ્રોજેક્ટ પ્રદેશ અને દેશ માટે એક મોડેલ બની શકે તેવા સંકેતો મળી રહ્યા છે, જ્યાં સ્થાનિક સ્તરે પેદા થતી ખેતી અને પશુપાલન આધારિત અવશેષોનું મુલ્યવર્ધન થઈ રહ્યું છે. 'બનાસ-સુઝુકી બાયોગેસ' પ્લાન્ટ સ્વચ્છ ઊર્જાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે, જે ભારતના આત્મનિર્ભર અને પર્યાવરણમિત્ર ભવિષ્ય માટે માર્ગદર્શક બની રહેશે.

ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ ખાતરી આપી કે પ્લાન્ટનું કાર્ય ત્વરિત ગતિએ આગળ વધી રહ્યું છે અને ટૂંક સમયમાં તેને ઉદ્ઘાટિત કરવામાં આવશે. ભવિષ્યમાં રાજ્યના અન્ય જિલ્લાઓ માટે પણ આ મોડેલ પ્રેરણારૂપ સાબિત થવાની સંભાવના છે. આ પ્રોજેક્ટ ગ્રામિણ વિકાસ, સ્વચ્છ ઊર્જા અને આત્મનિર્ભર ભારત તરફના દૃઢ પગલાનું ઉદાહરણ છે.







# વેસ્ટથી બેસ્ટનું સર્જન: રાધનપુર ખાતે ગૌ મૂત્ર પ્રોસેસિંગ પ્લાન્ટનું નિર્માણ

રાધનપુર શહેરમાં એક મહત્ત્વપૂર્ણ અને પર્યાવરણ-મૈત્રીપૂર્ણ પહેલ રૂપે ગૌ મૂત્ર પ્રોસેસિંગ પ્લાન્ટનું નિર્માણ કરવામાં આવશે. આ પ્લાન્ટ દરરોજ ૧૦,૦૦૦ લીટર ગૌ મૂત્ર કલેક્શન કરવાની ક્ષમતા ધરાવે છે, જે દેશની પરંપરાગત ખેતી અને આધુનિક ટેકનોલોજી સાથે કૃષિનો વિકાસ કરવાના પ્રયાસોને મજબૂત કરવાનું લક્ષ્ય ધરાવે છે.

### પશુપાલકો માટે લાભદાયક યોજનાઓ:

આ પ્લાન્ટ દ્વારા પશુપાલકો પાસેથી દેશી ગાયોના ગૌ મૂત્રની ખરીદી પ રૂપિયા પ્રતિ લીટરના ભાવે કરવામાં આવશે. જેના દ્વારા પશુપાલકોને નાણાંકીય રીતે મદદ મળશે અને તેઓની આજીવિકા સુધરશે. દેશી ગાયોનું મહત્વ ઊભરશે અને ગૌ આધારિત પ્રાકૃતિક ખેતીને ગતિ મળશે.

### ઓર્ગેનિક ખેતીને પ્રોત્સાહન:

આ પ્લાન્ટ દ્વારા ખેડૂતોને ઓર્ગેનિક ખેતી તરફ આકર્ષવામાં મદદ મળશે. ગૌ મૂત્રનો ઉપયોગ કરીને સોઈલ કન્ડીશનર, ગ્રોથ પ્રમોટર અને પેસ્ટ રિપેલન્ટ જેવા બિનહાનિકારક રસાયણો તૈયાર કરીને હાનિકારક રસાયણોનો સારો વિકલ્પ ઉભો કરાશે. આ ઉત્પાદનો ખેડૂતોને ઓર્ગેનિક ખેતી કરવા પ્રોત્સાહિત કરશે અને જમીનની ગુણવત્તા સુધારવામાં મદદરૂપ થશે. ઓર્ગેનિક ઉત્પાદનોથી જમીનમાં જીવાણુઓનું સંરક્ષણ થશે, અને રાસાયણિક ખાતરોના નુકસાનથી ખેડૂતો બચી શકશે.


### પર્યાવરણ માટે લાભકારી:

આ ગૌ મૂત્ર પ્રોસેસિંગ પ્લાન્ટ માત્ર કૃષિ ક્ષેત્રમાં જ નહીં, પરંતુ પર્યાવરણ માટે પણ ખૂબ ફાયદાકારક સાબિત થશે. રાસાયણિક ખાતરો અને જંતુનાશકોના વિકલ્પ તરીકે ગૌ મૂત્રથી બનેલા ઉત્પાદનોનો ઉપયોગ કરવામાં આવશે, જેના કારણે જમીન, પાણી અને હવા દૂષિત થવાની શક્યતાઓ ઘટશે.

### સમગ્ર પ્રોજેક્ટનો દિવ્ય ઉદ્દેશ:

આ પહેલ દેશી ગાયોનું મહત્વ વધારશે અને ગૌ આધારિત પર્યાવરણ-મૈત્રીપૂર્ણ વ્યવસાયોને નવા સ્તર પર લઈ જશે. રાધનપુર ખાતેનો આ પ્લાન્ટ ન માત્ર ખેડૂતો અને પશુપાલકો માટે મક્કમ આધાર પૂરું પાડશે, પરંતુ સમગ્ર સમાજને પર્યાવરણ સંરક્ષણ અને સ્વચ્છ ખેતીની દિશામાં માર્ગદર્શિત કરશે.

સામાન્ય રીતે ગૌ મૂત્રનો ઉપયોગ હવે આધુનિક તકનીક અને વૈજ્ઞાનિક પદ્ધતિઓ સાથે જોડવામાં આવી રહ્યો છે, જે દેશની પરંપરા અને સંસ્કૃતિને સમર્થન આપીને નવો વિકાસ પથ ઉભો કરે છે.





# ડેટા આધારિત સંસ્થા બનવાની દિશામાં બનાસ ડેરીનું મહત્વપૂર્ણ કદમ

**દેશની અગ્રણી સંસ્થા, ઇન્ડિયન સ્ટેટિસ્ટિકલ ઇન્સ્ટિટ્યૂટ બેંગલુરુ સાથે ભાગીદારી**

> ડેટા આધારિત સંસ્થા બનવા તરફ બનાસ ડેરીએ ભર્યું મહત્વપૂર્ણ પગલું
>
> બનાસ એક્ઝિક્યુટિવ્સને તાલીમ આપવા માટે બનાસ ડેરીએ ઇન્ડિયન સ્ટેટિસ્ટિકલ ઇન્સ્ટિટ્યૂટ બેંગલુરુ - સાથે હાથ મિલાવ્યા
>
> બનાસ હવે એક વર્ષમાં **૧૦૦+ સિક્સ સિગ્મા બ્લેક બેલ્ટ** બનાવવા માટે તૈયાર

બનાસ ડેરી એ હંમેશાથી નવીનતા, કાર્યક્ષમતામાં શ્રેષ્ઠતા અને ખેડૂતભાઈઓની સમૃદ્ધિ માટે પ્રતિબદ્ધ રહી છે. આજના સ્પર્ધાત્મક અને ડેટા-આધારિત યુગમાં, સંસ્થા તરીકે વધુ કાર્યક્ષમ, નવીન આયોજનો અને ડેટા આધારિત નિર્ણયો કરવાની દિશામાં બનાસ ડેરીએ એક મહત્વપૂર્ણ પગલું ભર્યું છે.

### ઇન્ડિયન સ્ટેટિસ્ટિકલ ઇન્સ્ટિટ્યૂટ, બેંગલુરુ સાથે મળી ડેટા આધારિત સંગઠન બનવા તરફ બનાસ ડેરીની પહેલ

દેશની અગ્રણી સંસ્થા – ઇન્ડિયન સ્ટેટિસ્ટિકલ ઇન્સ્ટિટ્યૂટ, બેંગલુરુ – સાથે બનાસ ડેરીએ ભાગીદારી કરી છે. આ સહયોગ અંતર્ગત બનાસના અનેક અધિકારીઓને વર્લ્ડ ક્લાસ તાલીમ આપવામાં આવી રહી છે. Six Sigma, DMAIC (Define, Measure, Analyse, Improve, Control) અને ડેટા એનાલિટિક્સ જેવી વ્યાપક પદ્ધતિઓમાં તાલીમ આપીને, એક નવી બનાસ ટીમ તૈયાર કરવામાં આવી રહી છે – જે સંસ્થાને નવી ઊંચાઈઓ તરફ દોરી જશે.



### પ્રથમ બેચના Green Belt ધારકોને પ્રમાણપત્ર વિતરણ

આ સંદર્ભમાં, તાજેતરમાં ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીની ઉપસ્થિતિમાં એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં બનાસ ડેરીના પ્રથમ બેચના અધિકારીઓને Six Sigma Green Belt પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે બનાસ ડેરીના વરિષ્ઠ મેનેજમેન્ટના સભ્યો પણ ઉપસ્થિત રહ્યા હતા. તેઓએ કર્મચારીઓના પ્રયત્નોની પ્રશંસા કરી અને સંસ્થાના મજબૂત ભવિષ્ય તરફના પગલાંને "વિઝનરી" ગણાવ્યા હતા.





### 100+ Black Belt કાર્યકર્તા તૈયાર કરવાનો લક્ષ્ય

આ એવોર્ડ વિતરણની સાથે જ બનાસ ડેરીએ એક દ્રઢ સંકલ્પ પણ જાહેર કર્યો છે – જેમાં વર્ષના અંત સુધીમાં 100 થી વધુ Six Sigma Black Belt તજજ્ઞો તૈયાર કરવાનો આશય છે. આ કાર્યકર્તાઓ બનાસના વિવિધ વિભાગોમાં ડેટા આધારિત નેતૃત્વ, ગુણવત્તા સુધારણા અને કાર્યક્ષમતા વધારવા માટે મક્કમ કામગીરી કરશે.

### ડેટા આધારિત કાર્ય કરવાની દિશામાં સશક્ત પગલાં

આ પહેલ માત્ર તાલીમ પૂરતી નથી, પણ તે બનાસ ડેરીની કાર્યપદ્ધતિમાં વ્યાપક પરિવર્તન લાવવાની દિશામાં એક મજબૂત પહેલ છે. હવે નિર્ણયો તથ્યો અને આંકડાઓના આધારે લેવામાં આવશે, સુધારાઓ ધ્યેય બનશે અને દરેક કર્મચારી એક પરિવર્તનકારી તરીકે ઉભરી શકશે.





### અભિનંદન અને આશાવાદ

આ પરિવર્તન યાત્રામાં જોડાયેલા તમામ કર્મચારીઓને દિલથી અભિનંદન. તેમના સમર્પણ અને પુરુષાર્થનાં કારણે આજે બનાસ ડેરી એક નવી દિશા તરફ આગળ વધી રહી છે. આ એક શરૂઆત છે – જેમાં આશા છે કે બનાસ ડેરીની પ્રતિષ્ઠાને આંતરરાષ્ટ્રીય સ્તરે પણ નવા આયામ મળશે.

# બનાસ ડેરીની મહિલા પશુપાલકને બિહારમાં કરાયા IDA એવોર્ડથી સન્માનિત

શેરપુરા (તા. ડીસા) ની શ્રીમતી રાજપૂત દરિયાબેન ત્રિકમજી ને IDA (Indian Dairy Association) દ્વારા Dairy Conference ૨૦૨૫ માં તેમના પરિશ્રમ અને દૂધ ઉદ્યોગમાં કરેલા અગ્રણી યોગદાન બદલ એવોર્ડ આપવામાં આવ્યો છે. બનાસ ડેરીના માન. ચેરમેનશ્રી શંકરભાઈ ચૌધરી સાહેબ અને નિયામક મંડળના સભ્યો દ્વારા મહિલા સશક્તિકરણ માટે કરાયેલી સતત ચિંતનશીલ નીતિઓના ફળસ્વરૂપ આજે અનેક મહિલાઓ પોતાની આજીવિકા સજ્જ અને સશક્ત બનાવી રહી છે. શ્રીમતી દરિયાબેન તેનું શ્રેષ્ઠ ઉદાહરણ છે.



## હિંમત સાથે આગળ વધતી સશક્ત મહિલાની ગાથા

શ્રીમતી દરિયાબેન એક હિંમતવાન મહિલા છે, જેમણે એક સમયે મજૂરી પર આધાર રાખીને જીવન ચલાવ્યું. તેઓ એક સાદા પતરાના ઢોળવાળા ઘરમાં રહેતા હતા અને ૨૦૧૧ માં ફક્ત બે ઢોર સાથે પશુપાલનની શરૂઆત કરી હતી. તેમની આ સફળતાની કથા માત્ર મહેનત અને દૃઢ નિશ્ચયનું પ્રતિક નથી, પણ તે તમામ માટે પ્રેરણારૂપ છે કે જો ખંત અને સમર્પણ હોય, તો કોઈપણ વ્યક્તિ જીવનમાં ઊંચાઈઓ હાંસલ કરી શકે છે.



## બનાસ ડેરીના સહયોગથી ઉજ્જવળ ભવિષ્યનું નિર્માણ

શ્રીમતી દરિયાબેનના દૂધઉત્પાદનના વ્યવસાયને આગળ ધપાવવામાં બનાસ ડેરીનો મહત્વપૂર્ણ ફાળો રહ્યો છે. ડેરી દ્વારા મળેલી વિવિધ સહાયો, જેમ કે દૂધ દોહવાની મશીન, પશુ ઠંડક પ્રણાલી, ઇલેક્ટ્રિક ચાફ કટર, ખુલ્લા શેડ યોજનાની સહાય અને ગમાણ સહાય, તેમના ઉદ્યોગને વૃદ્ધિ આપવા માટે મહત્ત્વપૂર્ણ સાબિત થઈ.

આજે તેઓ પાસે ૨૭૦ પશુઓ છે, જેમાં ૧૬૫ ભેંસ, ૫ સ્વદેશી ગાય અને ૧૦૦ હોલ્સ્ટાઇન ફ્રીઝિયન ગાયનો સમાવેશ થાય છે. દૂધ ઉત્પાદન દ્વારા તેઓ દર મહિને ૧૧,૨૫,૨૦૮ રૂપિયા કમાય છે, જેની વાર્ષિક આવક આશરે ૧,૩૫,૦૨,૫૧૧ રૂપિયા થાય છે. આ ઉપરાંત, ભાવ તફાવતમાંથી તેમને વર્ષમાં એકવાર ૩૩,૫૬,૦૪૩ રૂપિયા મળે છે.

## રોજગાર સર્જન અને આધુનિક ખેતી પ્રણાલી

શ્રીમતી દરિયાબેન માત્ર પોતાની માટે નહીં, પણ સમાજ માટે પણ આશીર્વાદરૂપ સાબિત થઈ છે. ૧૫ લોકોને રોજગાર પૂરો પાડી, તેમણે સામૂહિક ઉન્નતિમાં યોગદાન આપ્યું છે. તેમની પાસે ૧ એકર જમીન છે, જ્યાં તેઓ આધુનિક શેડની વ્યવસ્થા સાથે પશુઓની સંભાળ રાખે છે.

આજની મહિલાઓ માટે પ્રેરણાદાયક યાત્રા, તેમની સફળતા માત્ર આર્થિક વૃદ્ધિ પૂરતી મર્યાદિત નથી, તે નવા સપનાઓ અને લક્ષ્યોને સાકાર કરવા માટે પ્રેરણા પૂરી પાડે છે. એક સમયે સામાન્ય મજૂરી કરતા વ્યક્તિના હાથ આજે બે કારના સ્ટિયરિંગ પકડી શકતા થયા છે. આજે તેઓ ત્રણ માળના આધુનિક ઘરમાં રહે છે, જે તેમના પ્રતિસંઘર્ષ અને શ્રમના પરિપ્રેક્ષ્યમાં મહત્વપૂર્ણ સિદ્ધિ છે.

## IDA એવોર્ડ: એક પ્રતિષ્ઠિત માન-સન્માન

IDA એવોર્ડ એ દૂધ ઉદ્યોગમાં ઉલ્લેખનીય પ્રદાન માટે મળતું રાષ્ટ્રીય સ્તરનું પ્રતિષ્ઠિત સન્માન છે. શ્રીમતી દરિયાબેનને મળેલો આ એવોર્ડ મહિલા સશક્તિકરણ અને દૂધ ઉદ્યોગમાં તેમણે કરેલ યોગદાન પ્રત્યેની સ્વીકૃતિ અને કદર દર્શાવે છે.

## શ્રીમતી રાજપૂત દરિયાબેનનો સંદેશ

"જીવનમાં સંજોગો કરતા મહેનત વધુ મહત્વની છે. મેં જીવનના ઘણા પડકારોનો સામનો કર્યો, પણ હાર માની નહોતી. જો તમે હંમેશા શીખતા રહો અને આગળ વધવાની ઈચ્છા રાખો, તો એક દિવસ સફળતા તમારા પગલે આવતી જ રહેશે."

## બનાસની સશક્ત મહિલા પશુપાલકને શુભેચ્છાઓ અને હાર્દિક અભિનંદન

શ્રીમતી રાજપૂત દરિયાબેનના આ સફળતા માટે બનાસ ડેરીના ચેરમેનશ્રી, મેનેજમેન્ટ અને સમગ્ર ડેરી પરિવાર તરફથી હાર્દિક અભિનંદન! તેમનો આ પ્રયાસ દૂધ ઉદ્યોગ અને સમાજ માટે પ્રેરણાસ્ત્રોત બની રહેશે.



# ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીની અધ્યક્ષતામાં સંગઠન- ટીમ સ્પિરિટ અને એકતાને વધુ મજબુત કરવા બનાસ ડેરી દ્વારા બનાસ હારમની ટીમ બિલ્ડિંગ વર્કશોપનું કરાયું આયોજન

## સહકાર, સહયોગ અને સંવાદથી સંગઠનશક્તિનું નિર્માણ >>>

શ્રમ અને સહકારની પાવન ભૂમિ – બનાસ ડેરી, જ્યાં દૂધ માત્ર ઉત્પાદન નથી, તે એક ચેતનાસ્વરૂપ જીવનદૃષ્ટિ છે. આવી સંસ્થામાં જ્યારે સંવાદ, ટીમવર્ક, અને વિશ્વાસ જેવા માનવીય મૂલ્યોને વેધનરૂપ મળે, ત્યારે જન્મે છે એક અસાધારણ અનુભવ – "બનાસ હારમની".

બનાસ ડેરી દ્વારા 7 થી 9 એપ્રિલ 2025 દરમિયાન "બનાસ હારમની" નામે વિશિષ્ટ ટીમ બિલ્ડિંગ વર્કશોપનું સફળ આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમનું ઉદ્ઘાટન બનાસ ડેરીના માનનીય ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી દ્વારા પ્રેરણાદાયી સંબોધન સાથે થયું, જેમાં તેમણે સંસ્થાની આગળની યાત્રામાં એકતા, સહયોગ અને સંવાદની ભૂમિકાને વિશેષ રીતે રજૂ કરી હતી. તેમના ઉદ્ઘાટન ભાષણમાં તેમણે ભારપૂર્વક જણાવ્યું કે, "સંસ્થા એ માત્ર નીતિઓ અને વ્યવસ્થાઓથી નહિ, પરંતુ ટીમવર્કથી પ્રગતિની દિશામાં આગળ વધતી સંસ્થા છે." સંવાદ, સહકાર અને એકતાનું મહત્વ તેમની વાતો થકી દરેકની આંખે વળગ્યું હતું.





### નેતૃત્વનો નવો અધ્યાય

આ ત્રણ દિવસીય વર્કશોપમાં મેનેજિંગ ડિરેક્ટર, એક્ઝિક્યુટિવ ડિરેક્ટર તેમજ ટોચના મેનેજમેન્ટના સભ્યશ્રીઓએ સક્રિય ભાગ લીધો હતો. કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ સંસ્થાના મૂલ્યોને આધાર બનાવી મજબૂત ટીમ વર્ક, ખુલ્લો સંવાદ અને પારસ્પરિક વિશ્વાસના માધ્યમથી સંગઠનને વધુ એકજૂઠ અને કાર્યક્ષમ બનાવવાનો રહ્યો.

ટીમવર્ક, પારસ્પરિક વિશ્વાસ અને ખુલ્લા સંવાદ પર આધારિત વિવિધ પ્રવૃત્તિઓએ “અમે”ના ભાવને વધુ ઉંડો અને જીવંત બનાવ્યો. કાર્યસ્થળ પરની ચિંતાઓને સ્વીકારતી અને તેમાંથી ઉકેલો શોધતી રચનાત્મક ચર્ચાઓ એ વર્કશોપને જીવંત બનાવ્યો હતો. વિશેષ નોંધપાત્ર બાબત એ રહી કે, કર્મચારીઓ પાસેથી મળેલા પ્રતિસાદના આધારે વ્યાપક ચર્ચાઓ યોજાઈ, અને અનેક નોંધપાત્ર નિર્ણયો લેવા તરફ એક પ્રથમ કદમ લેવાયું. આ પગલાં સંસ્થાની કાર્યસંસ્કૃતિને વધુ સમજૂતીભર્યા અને માનવીય દૃષ્ટિકોણથી સમૃદ્ધ બનાવે તે દિશાનો મજબુત પાયો છે.

આ કાર્યક્રમની સૌથી નોંધપાત્ર બાબત રહી – કર્મચારીઓના અવાજને કેન્દ્રમાં લાવવાનો પ્રયાસ. વિવિધ વિભાગોના પ્રતિનિધિઓ પાસેથી મળેલા ફીડબેકના આધારે ઊંડા વિચારો અને ચર્ચાઓ થઈ. આ ચર્ચાઓમાંથી સંસ્થા માટે લાંબા ગાળાના કેટલાક મહત્વપૂર્ણ નિર્ણયો અંગે ચર્ચાવિચારણા કરવામાં આવી હતી.

"બનાસ હારમની" એ સહકાર અને સંવાદનો ઉજળો ઉત્સવ બન્યો હતો, જ્યાં નેતૃત્વ અને ટીમવર્કની સંગાથે સંગઠનની ભાવિ યાત્રાને નવી દિશા મળી. "બનાસ હારમની" એ સાબિત કર્યું કે એક સંગઠનને આગળ વધારવા માટે માત્ર વ્યૂહરચના નહીં, પણ હૃદયથી જોડાયેલ લોકોની જરૂર છે – જે સાંભળી શકે, સમજાવી શકે અને સાથે ચાલીને આગળ વધવા તૈયાર હોય. જ્યાં મન મળતાં હોય ત્યાંથી કાર્યક્ષમતા શરૂ થાય છે અને બનાસ ડેરીએ તેને “બનાસ હારમની” દ્વારા જીવંત સાબિત કર્યું છે.